**૨૨ મી એપ્રિલ,**

સાંજની પ્રાર્થના

ભજન

કદાચ આપણામાંના ઘણાં પહેલી વખત ઘરની બહાર નીકળ્યા છીએ. આજની સાંજે, ઘરથી દૂર અહી ભરૂચમાં અન્ય મિત્રો સાથે ભેગાં મળતાં મને કેવી લાગણી થાય છે? આનંદની, કંઇક miss કરું છું કે વિચિત્ર? (share the feelings )અડચણો વેઠીને અહી સહી સલામત પહોચવા બદલ થોડી સમય મૌન પાળી પ્રભુનો આભાર માનીએ.

**વાંચન યોહાનઃ૧ઃ૩૫-૪૯ (enact)**

**ચિંતન-મનનઃ** આ શુભસંદેશ પર વિચાર કરીએ. બીજા શિષ્યો સાથે હું પણ અહી આવ્યો છું. શા માટે આવ્યો છું, મારો શો હેતુ છે, મારી શી અપેક્ષાઓ છે? ઈસુ મને સાંભળે છે અને ફક્ત આટલું જ કહે છે – ''આવો અને જુઓ''

અન્યત્ર દિશાહીન ભટકવા કરતાં,
પ્રભુ ઈસુને શોધવા, પામવા અને
તેમના રંગે રંગાઇ જવું એમાં જ સર્વ કાંઇ સમાયેલું છે.
તું શાના અને કોના પ્રેમમાં છે,
તને કોનું આકર્ષણ કે શાનું ખેંચાણ છે,
એ તારા જીવન પર ઘેરી અસર કરશે.
તું કોને મળે છે, તું શામાં રસ લે છે, તને શું ગમે છે, તારા દિલને જે હચમચાવી નાંખી આનંદવિભોર અને કૃતજ્ઞ કરે છે, તે જ તને વહેલી સવારે ખાટલામાંથી ઢંઢોળશે, એ જ સમી સાંજે સૂર્યાસ્ત ટાણે કે પખવાડિયાને અંતે તને દોરી જશે. એના પ્રેમમાં પડ, પ્રેમમાં રંગાઈ જા અને તે તારે માટે દીવાદાંડીરૂપ બની જશે. (ફા. પેદ્રો અરુપે એસ. જે.)

**ચિંતન-મનનઃ**

સ્વ-પ્રેરિત પ્રાર્થના

હે અમારા બાપ, પ્રણામ મારીઆ, સ્તુતિ.

ભજન

**૨૩ મી એપ્રિલ,**

સવારની પ્રાર્થના

ભજન

આજનો આ સુંદર દિવસ આપવા બદલ હું પ્રભુનો આભાર માનું છું. મન, વચન અને કર્મથી હું સર્વ કાંઈ પ્રભુને અપુઁ છુ. આજના દિવસ માટે હું પ્રભુની કૃપા માંગીશ.

**વાંચન યોહાનઃ૧ઃ ૬** ઈશ્વરનો મોકલેલ એક માણસ આવ્યો હતો. તેનું નામ યોહાન હતું. એ માણસ સાક્ષી તરીકે, પ્રકાશની સાક્ષી પૂરવા આવ્યો હતો, **જેથી બધા માણસો એની( સૂર્યા ) મારફતે શ્રધ્ધા ધરાવતા થાય.** એ પોતે પ્રકાશ નહોતો એતો પ્રકાશનો સાક્ષી હતો. (તે પ્રકાશ શબ્દ હતો - આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત) ... **યોહાનઃ૧ઃ૧૬-૧૮**

**ગુજરાતનાં પ્રેષિત સ્વ. ફા. કાર્લોસ સૂર્યા એસ. જે.** (જન્મઃ જૂન ૨૧, ૧૯૦૦ - મરણઃ જૂન ૨૪, ૧૯૯૧)

એમનો જન્મ એક પવિત્ર કુટુંબમાં સ્પેન દેશમાં થયો હતો. તે નાના હતા ત્યારે તેઓ રોજ ચાલતાં સ્કુલ જતા. એક વાર તે રસ્તામાં આવતી નદીમાં લપસી પડયા અને તેમને જીવલેણ ન્યુમોનિયા થઇ ગયો. તેમની મમ્મીએ તેમને મોન્સેરાતના માતા મરિયમને અર્પણ કરતાં પ્રાર્થના કરી અને તે સાજા થઇ ગયા. યુવાનવયે તેમણે પ્રભુ તરફ અને તેના લોકોની સેવા કરી જીવન ગાળવાનું નક્કી ક્યું. અને તે ઇસુસંઘમા જોડાયા. તાલીમ પૂરી કર્યા બાદ તેઓ સંત ફ્રાન્સિસ ઝાવિયેરની જેમ મિશનરી તરીકે ભારત આવ્યા.

તેઓ ૧૯૩૧મા ગુજરાત આવ્યા ત્યારે જર્મન ઇસુસંઘીઓ દ્વારા ૧૮૯૩ થી ૧૯૧૫ સુધીમાં આણંદ, કરમસદ, વડતાલ, નડિયાદ અને આમોદ તાબાઓની સ્થાપના કરવામાં આવી હતી. તેમના નામ સૂર્યા પ્રમાણે તેઓ ગુજરાતમાં પ્રકાશી ઊઠયા. તેમણે મિશનનો નકશો બદલી નાખ્યો. ૧૯૩૧ - ૧૯૪૯ દરમ્યાન તેમણે ખંભોળજ, ઉમરેઠ, ઠાસરા, આંકલાવ અને બોચાસણ નવા તાબાઓ શરૂ કર્યા. તેઓ એક દ્રષ્ટા હતા. તે આંકલાવનાં સરપંચ તરીકે ચૂંટાઇ આવ્યા હતા. તેઓ ભજનમંડળી અને નાટકોને પ્રોત્સાહન આપતા. તેમણે ખંભોળજમાં માતા મરિયમનું ધામ, આંકલાવમાં કાલવારી ધામ શરૂ કર્યા અને સંત ફ્રાન્સિસ ઝાવિયેરની નાની દીકરીઓનાં સીસ્ટરોનાં મંડળની સ્થાપના કરી. ફા. સૂર્યાને ચરોતર અને છયાસીનાં પ્રેષિત તરીકે ઓળખવામાં આવે છે. તેમણે સાઇઠ વર્ષ સુધી મિશનરી તરીકે ગુજરાતની ધર્મસભાને સેવા આપી.

**ચિંતન-મનનઃ**

સ્વ-પ્રેરિત પ્રાર્થના

હે અમારા બાપ, પ્રણામ મારીઆ, સ્તુતિ.

ભજન

પરમપૂજા ફા. કિરીટ એસ. જે.

**૨૪ મી એપ્રિલ,**

સવારની પ્રાર્થના

ભજન

આજનો આ સુંદર દિવસ આપવા બદલ હું પ્રભુનો આભાર માનું છું. મન, વચન અને કર્મથી હું સર્વ કાંઈ પ્રભુને અપું છુ. આજના દિવસ માટે હું પ્રભુની કૃપા માંગીશ.

**વાંચન પ્રેષિતોનાં ચરિતોઃ૧ઃ ૧ -૬**

**ફા. જોન સમાધા સીક્સ્તો એસ. જે. એક સ્વપ્નદ્દષ્ટા, શિક્ષક, મિશનરી, અમૂલ્ય ડાયમંડ,** (જન્મઃ ૪ ઓગષ્ટ, ૧૯૦૯- મરણઃ ૧ ઓગષ્ટ, ૧૯૯૪)

ફા. સમાધાનો જન્મ એક ધનિક કુટુંબમાં બાર્સેલોનામાં થયો હતો. તેઓ ૧૯૨૮મા ઇસુસંઘી નોવીસેટમાં દાખલ થયા અને સ્પેન, ઇટલી, ભારતમાં તેમણે તેમની તાલીમ પૂરી કરી પુરોહિત દીક્ષા મેળવી.

ભરૂચ મિશન તેમનું કાર્યક્ષેત્ર બન્યું. ફા. સમાધા અનુપમ હીરાસમા અને હીરાપારખુ વ્યકિતત્વ ધરાવતા તેથી જ તેમણે આદિવાસી ભાઇઓ માટે હીરા ઘસવાના વ્યવસાયમાં જીવાદોરી મેળવવા તાલીમ આપવા હોસ્ટલ શરૂ કરી.

I have a dream તે એમનો મંત્ર હતો. તેમને સ્વપ્ન જોવાનો જ નહિ પણ તેને સાચા પાડવા માટે તે પરસેવો પાડતા, જાત ઘસી નાખતા ખચકાતા નહિ. આદિવાસી ઉત્કર્ષ માટે તે કાર્યરત રહેતા. આજે ભરૂચ, ડેડિયાપાડા, ઝંખવાવ અને ઝઘડિયા તેમની ધગશ અને મહેનતનું ફળ છે. તે સમયે આધુનિક વાહનવ્યવહાર ઉપલબ્ધ નહોતાં ત્યારે પગપાળા અને બળદગાડાંમા ફરી તે ગામડાંઓમાં લોકો સુધી ઈસુનો સંદેશ પહોંચાડતા અને તેમની સેવા કરતા.

તેમના પુરોહિત મિત્રો તેમને સ્વાદિષ્ટ ભોજન માટે ચીઢવતા પણ એમની સાથે રહેનારાંઓને જ સાચી હકીકત ખબર હતી. તેઓ સાદું જીવન જીવતા. એક વાર ફા. ઝુબેલ્દિયા તેમની જ્યાએ પરમપૂજા કરવા ગયા. મીસ પછી ટેબલ પર એક ચીઠ્ઠી હતી- 'ઝુબેલ્દિયા, માફ કરશો, મારી પાસે તમને આપવા નાસ્તો નથી એટલે જે દ્દાન છે તેમાંથી કાંઇક લઇ લેશો.' દાન -રૂા. ૧૦ હતું. તેમનાં રસોઇયા પીટરભાઇ કહેતાં કે ફાધર ફક્ત બટાકા અને અમેરિકન દૂધ પાઉડર પર જીવતા હતા. ચાલીસ વર્ષ સુધી તે આ રીતે ગરીબીમાં જીવ્યા પરંતુ લોકો માટે સર્વ ખર્ચી નાખતા. આવું હતું ફા. સમાધાનું જીવન. ૮૫ વર્ષની ઊંમરે ફાધર સમાધા અમૂલ્ય મોતી, હીરો, ડાયમંડ સ્વર્ગની શોભા વધારવા પસંદગી પામ્યા. તેમનું સ્વપ્ન આજે સાચું પડતા દક્ષિણ ગુજરાતમાં ધર્મસભા ફૂલીફાલી છે. **શું આપણે પણ એમની જેમ હીરો ન બની શકીએ?**

**ચિંતન-મનનઃ**

સ્વ-પ્રેરિત પ્રાર્થના

હે અમારા બાપ, પ્રણામ મારીઆ, સ્તુતિ.

ભજન-પ્રેમ તારો હે પ્રભુજી ...

પરમપૂજા ફા. સુનિલ એસ. જે.

૨૫ મી એપ્રિલ,

મિશન ટૂર

આજનો આ સુંદર દિવસ આપવા બદલ હું પ્રભુનો આભાર માનું છું. મન, વચન અને કર્મથી હું સર્વ કાંઈ પ્રભુને અર્પું છુ. આજના દિવસ માટે હું પ્રભુની કૃપા માંગીશ.

મિશન એટલે મોકલાયેલ, પ્રભુનું કાર્ય કરવા પસંદ કરાયેલ. ભૂતકાળમા ઘણાં પયગંબરોને પ્રભુ પોતાનું કાર્ય કરવા તથા પોતાનો સંદેશ પોતાની પ્રજાને કહેવા પસંદ કરે છે. પ્રભુ ઈસુ શિષ્યોને પસંદ કરે છે અને ૨૦૦૦ વર્ષોથી ઘણા સ્ત્રી અને પુરુષોને પોતાનું કાર્ય આગળ ધપાવવા પસંદ કરે છે. ઈસુ આપણને સેવક, શાંતિના સ્થાપકો તરીકે મોકલે છે. ઝંખવાવ, દધવાડા, વ્યારા અને અકલેશ્વર મિશનની રૂપરેખા.

**વાંચન** લૂક ૧૦:૧-૧૦ બોતેર શિષ્યોની રવાનગી

**ચિંતન-મનનઃ**

સ્વ-પ્રેરિત પ્રાર્થના

હે અમારા બાપ, પ્રણામ મારીઆ, સ્તુતિ.

ભજન-પ્રભુજી તારા સેવકોને મોકલ દેશવિદેશ ...

પરમપૂજા ફા. અલ્પેશ એસ. જે.

**વાંચન** લૂક ૯:૫૭-૬૨

૨૬ મી અપ્રિલ,

પરમપૂજા ફા. કિરીટ એસ.જે.